**તા.૩૧/૦૧/૨૦૨૨**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાની બેઠક આજ તા.૩૧/૦૧/૨૦૨૨ ને સોમવારનાં રોજ બપોરનાં ૦૪=૦૦ કલાકે વર્તમાન કોરોના વાયરસનાં સંક્રમણને ધ્યાને લઇ તેની ગાઇડ લાઇનને અનુલક્ષીને પેટલાદ નગરપાલિકાના સભાગૃહમાં સોસીયલ ડીસ્ટન્સ જળવાય તે રીતે બેઠક વ્યવસ્થા સાથે મળી જેમાં નિયત કરેલ તારીખ અને સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | ગીતાબેન એ. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | નરેશકુમાર આર. તળપદા | સભ્યશ્રી |
| (૩) | નિલેશકુમાર એસ. વાલ્મિક | ” |
| (૪) | મિનાક્ષીબેન એમ. રાઠોડ | ” |
| (૫) | મનિષાબેન એમ. ચૌહાણ | ” |
| (૬) | પ્રવિણભાઇ કે. પરમાર | ” |
| (૭) | રમેશભાઇ આર. પરમાર | ” |
| (૮) | ગીતાબેન જે. પરમાર | ” |
| (૯) | ભાવિન મહેન્દ્રભાઇ પટેલ | ” |
| (૧૦) | જય ભરતભાઇ પટેલ | ” |
| (૧૧) | રીફાકતખાન એમ. પઠાણ | ” |
| (૧૨) | જલ્પાબેન બી. શાહ | ” |
| (૧૩) | દિપાલીબેન એચ. શાહ | ” |
| (૧૪) | કેતનકુમાર સી. ગાંધી | ” |
| (૧૫) | જીગ્નેશકુમાર એ. જોશી | ” |
| (૧૬) | કાજલ કાશકુમાર પટેલ | ” |
| (૧૭) | ધરતીબેન જે. પટેલ | ” |
| (૧૮) | સુનિલકુમાર એસ. પટેલ | ” |
| (૧૯) | અશ્વિનકુમાર આર. કાછીઆ | ” |
| (૨૦) | સાજીદભાઇ એમ. વ્હોરા | ” |
| (૨૧) | નીદાબાનુ વિ. મીરઝા | ” |
| (૨૨) | બિસ્મીલ્લાબાનુ એમ. કાજી | ” |
| (૨૩) | કોકીલાબેન એ. તળપદા | ” |
| (૨૪) | ભાવેશભાઇ કે. તળપદા | ” |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. માનનીય પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષ સ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

પેટલાદ નગરપાલિકાનાં વર્તમાન બોર્ડનાં ઉપપ્રમુખ અને વોર્ડ નં.૧ નાં સભ્ય શ્રી ગોવિંદભાઇ રણછોડભાઇ તળપદાનાં તાજેતરમાં થયેલ દુઃખદ અવસાનથી તે ખાલી પડેલ વોર્ડ નં.૧ ની પેટા ચુંટણીમાં વિજેતા થયેલ ઉમેદવાર શ્રી નરેશકુમાર રમેશભાઇ તળપદાને પેટલાદ નગરપાલિકા વતી માનનીય પ્રમુખશ્રી અને મે.ચીફ ઓફિસરશ્રીએ તેઓનેં પુષ્પગુચ્છ અર્પણ કરી પેટલાદ નગરપાલિકાનાં સભ્ય તરીકે આવકારવામાં આવ્યા.

સૌપ્રથમ આજની બેઠકનાં એજન્ડા ઉપરનાં કામો પૈકી કામ નં.૧૪ કે જે પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગ માટે સ્ટ્રીટલાઇટ ખરીદ કરવા બાબતનું છે તે કામમાં શરતચૂકથી લખાયેલ વારિગૃહને બદલે સ્ટ્રીટલાઇટ વિભાગ માટે સ્ટ્રીટ લાઇટ ખરીદ કરવા એમ ખુલાસો કરી સુધારો કરવા જણાવ્યુ અને તેને સર્વસંમતિથી બહાલ રાખવામાં આવ્યું.

ત્યારબાદ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ નીચે જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લીધી.

* <u>જરૂરી વિષયનાં કામ</u> :-

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

(૧) પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જાહેર પ્રવેશ માર્ગો પર સાઇન બોર્ડ લગાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

(૨) પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ગોકુલનગર સોસાયટીથી શેખડી ક્રોસ રોડ સુધીનાં માર્ગનું નામાભિધાન કરવા અંગે આવેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

(૩) મ્યુનિ. સભ્ય શ્રીમતિ વિશાલબેન શૈલેષભાઇ સોની વિદેશ પ્રવાસે ગયેલ હોવાથી તેઓની તા.૧૭/૦૧/૨૨ થી તા.૦૧/૦૭/૨૨ સુધીની રજા મંજુર કરવા અંગે આવેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

(૪) મ્યુનિ. સભ્ય શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆ, શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રી ગુલામદસ્તગીર એન. વહોરા, શ્રીમતિ રૂકસાર એ. મીરઝા, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા તથા શ્રી અસ્લમબેગ એ. મીરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

(૫) પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ખોડિયાર માતા ભાગોળ જુનો મહોલ્લો, નવો મહોલ્લો તથા વિષ્ણુપુરામાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવા અંગે જરૂરી પ્લાન તથા એસ્ટીમેટ તૈયાર કરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

ઉપર જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યાં.

ત્યારબાદ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

**કામ નં. (૧) :** પેટલાદ નગરપાલિકાની ગત મળેલ સામાન્ય સભાનાં પ્રોસીડીગને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૬૨ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી જય બી. પટેલ શ્રી સુનિલકુમાર એસ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભા ગત તા.૨૯/૧૦/૨૦૨૧ નાં રોજ મળેલ હતી જે ગત મળેલ સભાનાં પ્રોસીડીગને વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૧ થી માહે સપ્ટેમ્બર-૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૩ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ નાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૧ થી માહે સપ્ટેમ્બર-૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૧ થી માહે સપ્ટેમ્બર-૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૨૧ થી માહે ડિસેમ્બર-૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૪ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૨૧ થી માહે ડિસેમ્બર-૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૨૧ થી માહે ડિસેમ્બર-૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૪) :** શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૧ થી માહે સપ્ટેમ્બર-૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૫ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી નરેશકુમાર આર. તળપદા, શ્રીમતિ જલ્પાબેન બી. શાહનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૧ થી માહે સપ્ટેમ્બર-૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૧ થી માહે સપ્ટેમ્બર-૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૫) :** શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૨૧ થી માહે ડિસેમ્બર-૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૬ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ મનષિાબેન એમ. ચૌહાણ, શ્રી નરેશકુમાર આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૨૧ થી માહે ડિસેમ્બર-૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૨૧ થી માહે ડિસેમ્બર-૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તામવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૬)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં નવનિર્મિત મકાનનાં ભોંયરાનાં ભાગમાં સીસી ટીવી કેમેરા સીસ્ટમ લગાવવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૭ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી નરેશકુમાર આર. તળપદા, શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં નવનિર્મિત મકાનનાં ભોંયરાનાં ભાગમાં સીસી ટીવી કેમેરા સીસ્ટમ લગાવવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં તાજેતરમાં બનાવવામાં આવેલ મકાનનાં ભોંયરામાં પાર્કિંગ વ્યવસ્થા રાખવામાં આવેલ છે. જેમાં નગરપાલિકાનાં વિવિધ વાહનો મુકવામાં આવે છે. આ વાહનોની સલામતિનાં ભાગરૂપે સીસી ટીવી કેમેરા સીસ્ટમ લગાવવી જરૂરી જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં નવનિર્મિત મકાનનાં ભોંયરામા સીસી ટીવી કેમેરા સીસ્ટમ લગાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૫૦,૦૦૦/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. તથા આ કામે ભાવો મંગાવવા અંગે કરેલ કાર્યવાહીને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રી અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૭)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વસુલવામાં આવતાં વાહન વેરા તથા બિલ્લા લાગતનાં દર બાબતે સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૭/તા.૧૩/૧૦/૨૦૧૭ થી કરેલ ઠરાવમાં સુધારા ઠરાવ કરી દરવારી નક્કી કરવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૮ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વસુલવામાં આવતાં વાહન વેરા તથા બિલ્લા લાગતનાં દર બાબતે સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૭/તા.૧૩/૧૦/૨૦૧૭ થી કરેલ ઠરાવમાં સુધારા ઠરાવ કરી દરવારી નક્કી કરવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નગરપાલિકાની જમીનમાં કાચા કેબીન મુકીને, લારી-ગલ્લા ઊભા રાખીને અથવા પાથરણા પાથરીને કે કામચલાઉ મંડપ બાંધીને વિગેરે પ્રકારથી છુટક ધંધો કરતાં ઇસમો પાસેથી અલગ-અલગ હેતુનાં જુદા જુદા દર વસુલવા બાબતે સામાન્ય સમગ્ર સભાનાં ઠરાવ નં.૧૭ / તા.૧૩/૧૦/૨૦૧૭ થી ઠરાવ કરવામાં આવેલ છે. જે દરવારી યાદીનાં અનુક્રમ નં.૫ માં વાહન વેરો વસુલવા તથા અનુક્રમ નં.૬ માં બિલ્લા લાગત વસુલવાનાં વાર્ષિક રૂા.૩૬૫/- વસુલવા ઠરાવેલ છે. પરંતુ તેમાં અલગ-અલગ વાહનનાં દર તથા અલગ-અલગ સાધનનાં દર વર્ગીકૃત કરેલ ન હોઇ છુટક ધંધો કરતાં ઇસમોને તથા નાનાં નાનાં વાહનધારકોને આર્થિક નુકશાન થઇ શકે છે. તેથી આવા ઇસમોને ધ્યાને રાખી તથા સંસ્થાનું આર્થિક હિત જોતાં અને તેની વિસંગતતા દુર કરવાનાં શુભાશયથી અલગ-અલગ સાધનો મુજબ જુદા જુદા દરવારી નક્કી કરવી જરૂરી હોઇ નીચે જણાવેલ વિગતે દરવારી વિસ્તૃત ચર્ચાનાં અંતે નક્કી કરવા ઠરાવવામાં આવે છે. સદર દરવારીનો અમલ આગામી નાણાંકીય વર્ષ સને ૨૦૨૨-૨૩ થી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

| અ.નં. | વિગત | હાલનાં દર રૂા. | સૂચિત દર રૂા |
|---|---|---|---|

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

| | | | |
|---|---|---|---|
| ૫ | વાહન વેરો<br>૧. રીક્ષા<br>૨. ટેમ્પો<br>૩. આઇસર<br>૪. મોટી લોરી (ટ્રક) | ૩૬૫/- વાર્ષિક | <br>૧૦૦/- વાર્ષિક<br>૨૦૦/- વાર્ષિક<br>૨૦૦/- વાર્ષિક<br>૩૦૦/- વાર્ષિક |
| ૬ | બિલ્લા લાગત<br>૧. હાથલારી<br>૨. લારી ગલ્લા<br>૩. ઊંટગાડી | ૩૬૫/- વાર્ષિક | <br>૧૦૦/- વાર્ષિક<br>૧૦૦/- વાર્ષિક<br>૧૦૦/- વાર્ષિક |

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૮)** : પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રાધાકુવા હેડવર્કસ માટે સ્પેર પોલ્ડર ટાઇપ સબમર્સિબલ પંપ અને એ.ટી.એસ.સ્ટાર્ટર ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૯ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષી,શ્રી નરેશકુમાર આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રાધાકુવા હેડવર્કસ માટે સ્પેર પોલ્ડર ટાઇપ સબમર્સિબલ પંપ અને એ.ટી.એસ.સ્ટાર્ટર ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રાધાકુવા હેડ વર્કસ ખાતે હાલમાં ટાંકી ભરવા માટે ૩૫ એચ.પી.નો સબમર્સિબલ પંપ કાર્યરત છે. જેનાં વપરાશને કારણે જો બગડી જાય તો ટાંકી ભરવાની મુશ્કેલી પડે અને આ હેડવર્કસ દ્વારા શહેરમાં આપવામાં આવતો પાણી પૂરવઠો ખોરવાઇ જાય તેમ છે. તેથી જો સ્પેર પંપ વસાવવામાં આવે તો આકસ્મિક સંજોગોમાં ઉપયોગમાં લઇ શકાય. તેથી પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રાધાકુવા હેડ વર્કસ માટે ૩૦ એચ.પી.નાં પોલ્ડર ટાઇપ સબમર્સિબલ પંપ નંગ-૨ તથા તેનાં ૪૬ થી ૫૦ એચ.પી. માટેનાં એ.ટી.એસ. સ્ટાર્ટર નંગ-૨ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે ગુજરાત પાણી પૂરવઠા બોર્ડનાં સને ૨૦૧૯-૨૦ નાં એસ.ઓ.આર. મુજબ તૈયાર થઇ આવેલ રૂા.૪,૭૯,૫૬૪/- નાં અંદાજીત ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ૧૫ મા નાણાંપંચની ઉપલબ્ધ ગ્રાન્ટની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૯)** : પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં લાયન્સ ગાર્ડન હેડવર્કસ માટે સ્પેર પોલ્ડર ટાઇપ સબમર્સિબલ પંપ અને એ.ટી.એસ.સ્ટાર્ટર ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૦ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી રમેશભાઇ આર. પરમાર, શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં લાયન્સ ગાર્ડન હેડવર્કસ માટે સ્પેર પોલ્ડર ટાઇપ સબમર્સિબલ પંપ અને એ.ટી.એસ.સ્ટાર્ટર ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં લાયન્સ ગાર્ડન હેડ વર્કસ ખાતે હાલમાં ટાંકી ભરવા માટે ૬૦ એચ.પી.નાં સેન્ટ્રીફ્યુગલ પંપ કાર્યરત છે. જેનાં વપરાશને કારણે જો બગડી જાય તો ટાંકી ભરવાની મુશ્કેલી પડે અને આ હેડવર્કસ દ્વારા શહેરમાં આપવામાં આવતો પાણી પૂરવઠો ખોરવાઇ જાય તેમ છે. તેથી જો સ્પેર પંપ વસાવવામાં આવે તો આકસ્મિક સંજોગોમાં ઉપયોગમાં લઇ શકાય. તેથી પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં લાયન્સ ગાર્ડન હેડ વર્કસ માટે ૩૦ એચ.પી.નાં પોલ્ડર ટાઇપ સબમર્સિબલ પંપ નંગ-૨ તથા તેનાં ૪૬ થી ૫૦ એચ.પી. માટેનાં એ.ટી.એસ. સ્ટાર્ટર નંગ-૨ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે ગુજરાત પાણી પૂરવઠા બોર્ડનાં સને ૨૦૧૯-૨૦ નાં એસ.ઓ.આર. મુજબ તૈયાર થઇ આવેલ રૂા.૪,૭૯,૫૬૪/- નાં અંદાજીત ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ૧૫ મા નાણાંપંચની ઉપલબ્ધ ગ્રાન્ટની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે.ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૦)** : પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં મરામતનાં કામે ૧૨.૫૦ એચપીનું થ્રીફેઇઝ જનરેટર ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૧ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષી, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં મરામતનાં કામે ૧૨.૫૦ એચપીનું થ્રીફેઇઝ જનરેટર ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજના વિભાગની રોજબરોજની આવતી ફરિયાદોનાં નિકાલ કરવા મેનહોલની સાફ સફાઇ કરવા સરકારશ્રીનાં વર્તમાન નિયમાનુસાર મેનહોલમાં માણસ ઉતારી સફાઇ કરી શકાતી નથી તેથી ૧૦ એચ.પી.નો સુએઝ પંપ ઉતારી સફાઇ કરાવવામાં આવે છે. જે માટે વિજ કનેકશનની જરૂરિયાત રહે પરંતુ શહેરનાં અલગ-અલગ વિસ્તારમાં ઠેક ઠેકાણે કામગીરી કરવાની થતી હોઇ કામચલાઉ વિજ કનેકશન મેળવવું ઘણી મુશ્કેલી ભર્યુ છે. તેનાં નિવારણ અર્થે જો જનરેટર વસાવવામાં આવે તો શહેરનાં દરેક ઠેકાણે ઉપયોગમાં લઇ શકાય અને ફરિયાદોનો ત્વરિત નિકાલ પણ કરી શકાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાની મેનહોલ સફાઇ કામગીરીમાં ઉપયોગમાં લેવામાં આવતાં ૧૦ એચ.પી.નાં સુએઝ પંપ ચલાવવા માટે ૧૨.૫૦ એચ.પી.નું થ્રીફેઇઝ જનરેટર નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા. ૨,૫૦,૦૦૦/- નાં અંદાજીત ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ૧૫ મા નાણાંપંચની ઉપલબ્ધ ગ્રાન્ટની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફક્ત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૧) :** પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનો રીપોર્ટમાં જણાવેલ વિગતે બિનઉપયોગી ભંગાર માલસામાન વેચાણ આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૨ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કોકીલાબેન એ. તળપદા, શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનો રીપોર્ટમાં જણાવેલ વિગતે બિનઉપયોગી ભંગાર માલસામાન વેચાણ આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનો બિન ઉપયોગી ભંગાર માલસામાન રીપોર્ટમાં જણાવેલ વિગતે રણછોડજી મંદિર પાસે આવેલ વારિગૃહ ખાતે પડેલ છે. જેનો નિકાલ કરવો આવશ્યક છે. તેથી કામ સાથે સામેલ રીપોર્ટમાં જણાવેલ વિગતે જુનો બિન ઉપયોગી ભંગાર માલસામાન નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી વેચાણ આપવા ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૨) :** પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગ દ્વારા સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં ટ્રેકટર તથા ટાટા એસ સાધનોનું જરૂરી રીપેરીગ કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૩ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી રમેશભાઇ આર. પરમાર, શ્રીમતિ ધરતીબેન જે. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગ દ્વારા સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં ટ્રેકટર તથા ટાટા એસ સાધનોનું જરૂરી રીપેરીગ કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગ દ્વારા શહેરમાં કરવામાં આવતી સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં કામ સાથે સામેલ રીપોર્ટમાં જણાવેલ વિવિધ સાધનો તેનાં વપરાશને કારણે બગડી ગયેલ છે. તેથી સફાઇ કામગીરી ખોટકાઇ ન જાય તેવા શુભાશયથી તેનું રીપેરીગ કરાવવું જરૂરી છે. આ સાધનો સ્ટાન્ડર્ડ કંપનીનાં હોઇ આવા બગડી ગયેલ વાહનો જે તે કંપનીનાં ઓથોરાઇઝડ ડીલર કે વર્કશોપમાં રીપેરીગ કરાવવા તથા તેમાં નાંખવાનાં થતાં જરૂર મુજબનાં સ્પેર જે તે કંપનીનાં ઓથોરાઇઝડ ડીલર કે વર્કશોપમાંથી ખરીદ કરી રીપેરીગ કરાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ મંજુર કરવા અને તે ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૩) :** પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગ દ્વારા સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં વિવિધ સાધનોનાં જરૂરી ટાયર ટયૂબ તથા બેટરી નવિન નંખાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૪ / તા.૩૧/૦૧/૨૨**

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

મ્યુનિ. સભ્ય શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણ, શ્રી રમેશભાઇ આર. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગ દ્વારા સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં વિવિધ સાધનોનાં જરૂરી ટાયર ટ્યૂબ તથા બેટરી નવિન નંખાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગ દ્વારા શહેરમાં કરવામાં આવતી સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં વિવિધ સાધનો તેનાં વપરાશ અને ઘસારાને કારણે તેનાં ટાયર ટ્યૂબ તથા બેટરી ખરાબ થઇ ગયેલ છે. તેથી સફાઇ કામગીરી ખોટકાઇ ન જાય તેવા શુભાશયથી તેનું રીપેરીંગ કરાવવું જરૂરી છે. આ સાધનો સ્ટાન્ડર્ડ કંપનીનાં હોઇ આવા બગડી ગયેલ વાહનો જે તે કંપનીનાં ઓથોરાઇઝડ ડીલર પાસેથી ટાયર ટ્યૂબ ખરીદ કરવા તથા બેટરી નવિન ખરીદ કરી જે તે વાહનમાં લગાવી રીપેરીંગ કરાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ મંજુર કરવા અને તે ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૪) :** પેટલાદ નગરપાલિકાનાં સ્ટ્રીટ લાઇટ વિભાગ માટે જરૂરી એલ.ઇ.ડી. સ્ટ્રીટ લાઇટ નંગ-૫૦૦ ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૫ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્યશ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી નિલેશભાઇ એસ. વાલ્મિકનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાનાં સ્ટીટલાઇટ વિભાગ માટે જરૂરી એલ.ઇ.ડી. સ્ટ્રીટ લાઇટ નંગ-૫૦૦ ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સ્ટ્રીટલાઇટ વિભાગ માટે પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૩૨ / તા.૧૯/૦૬/૨૦૨૧ થી ૧૮ વોલ્ટ અને ૩૫ વોલ્ટની એલ.ઇ.ડી. લાઇટ મળી કુલ ૫૦૦ નંગ એલ.ઇ.ડી. લાઇટ ૧૫ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી ખરીદ કરવા ઠરાવ કરેલ હતો. પરંતુ ગ્રાન્ટનાં ધારાધોરણો અનુસાર તેની તાંત્રિક મંજુરી મેળવવા મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી ન.પા.ઓ, વડોદરા ઝોન ખાતે જરૂરી દરખાસ્ત કરવામાં આવતાં તેઓની કચેરીનાં જા.નં.૧૪૦૧/ તા.૨૦/૧૨/૨૦૨૧ થી જણાવ્યા આધારે આ કામે એસ.ઓ.આર.નાં ભાવ મુજબ કુલ અંદાજીત ખર્ચની રકમનાં અંદાજો તૈયાર કરી નવેસરથી ઠરાવ કરી સબંધિત કચેરીના અભિપ્રાય સહ દરખાસ્ત મોકલી આપવા ઠરાવવામાં આવે છે. તેથી કામ સાથે સામેલ વિગતે પેટલાદ નગરપાલિકાનાં સ્ટ્રીટ લાઇટ વિભાગ માટે એલ.ઇ.ડી. નંગ-૫૦૦ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આર. એન્ડ બી. નાં ઇલેકટ્રીક વિભાગનાં એસ.ઓ.આર. મુજબ તૈયાર થઇ આવેલ રૂા.૧૩,૯૬,૩૩૦/- નાં અંદાજીત ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ૧૫ મા નાણાંપંચની ઉપલબ્ધ ગ્રાન્ટની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૫) :** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં કામે આર.સી.સી. રોડ બ્રેકર નંગ-૧ નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૬ / તા.૩૧/૦૧/૨૨**

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઇપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

મ્યુનિ. સભ્ય શ્રી નિલેશભાઇ એસ. વાલ્મિક, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં કામે આર.સી.સી. રોડ બ્રેકર નંગ-૧ નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજના વિભાગ દ્વારા રોજબરોજની ગટરને લગતી ફરિયાદોનો નિકાલ કરવામાં આવે છે. શહેરમાં મોટાભાગનાં વિસ્તારોમાં આર.સી.સી. કરવામાં આવેલ છે તથા કેટલાંક રોડ રસ્તા પણ આર.સી.સી.નાં બનાવેલ છે. તેથી ભૂગર્ભ ગટરનાં મેનહોલ તથા પાઇપની મરામતની કામગીરીમાં આર.સી.સી. તોડવાની મુશ્કેલી ઊભી થાય અને તેવા ભાગ તોડવા માટે માનવશક્તિ અને સમય વેડફાતો હોઇ કામગીરીમાં વિલંબ થાય છે. તેથી જો નગરપાલિકા દ્વારા આ કામે રોડ બ્રેકર મશીન વસાવવામાં આવે તો કામગીરી ઝડપથી કરી શકાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજના વિભાગ માટે રોડ બ્રેકર મશીન નંગ-૦૧ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. આ કામે આવેલ રૂા.૪૦,૦૦૦/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૬) :** ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ગાંધીનગર તથા પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ વડોદરા ઝોન કચેરી, વડોદરા દ્વારા મળેલ સૂચના અન્વયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણૂંક કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૭ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્યશ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી નિલેશભાઇ એસ. વાલ્મિકનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર તથા પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ, વડોદરા ઝોન કચેરી, વડોદરા દ્વારા મળેલ સૂચના અન્વયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણૂંક કરવા અંગે આવેલ પત્રો તથા રીપોર્ટ વંચાણમાં લીધાં. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ગાંધીનગર કચેરીનાં પત્ર ક્રમાંકઃ મફબ / અકડ / યુ-૯ / ૨૦૨૧ / ૪૦૨૩ તા.૨૦/૦૨/૨૦૨૧ તથા મે. પ્રાદેશિક કમિશ્નર શ્રી, નગરપાલિકાઓ, વડોદરા ઝોન, વડોદરા કચેરીનાં પત્ર ક્રમાંકઃ સી.એ. ફર્મ / ૫ / ૬ / ૨૦૨૧ / ૨૪૬ તા.૫/૬/૨૦૨૧ થી પાઠવેલ પત્રો અન્વયે નગરપાલિકા કક્ષાએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણૂંક કરવા જણાવેલ છે. નગરપાલિકાઓને ફાળવવામાં આવતી ૧૫ મા નાણાંપંચની ગ્રાન્ટના હિસાબો માટે આ કામગીરી અગાઉ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ગાંધીનગર કચેરી દ્વારા કરાવવામાં આવતી હતી. જે હવે નગરપાલિકા કક્ષાએ કરવા ઉકત પત્રોથી જણાવેલ છે. જેથી સારાસારાનો વિચાર કરતાં અને કામગીરીની સરળતા તથા ચોકસાઇ પૂર્વક થઇ શકે તેવા શુભાશયથી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ગાંધીનગર દ્વારા ઘટતી કાર્યવાહીથી એમપેનલ થયેલ સી.એ. ફર્મ એજન્સી તથા મંજુર કરેલ દરથી તેઓ પાસેથી કામગીરી કરાવવી ઉચિત અને યોગ્ય જણાય છે. તેથી સદર કામે ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા નકકી કરાયેલ એજન્સી તથા મંજુર કરેલ દરથી પેટલાદ નગરપાલિકામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણૂંક કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર વાર્ષિક ખર્ચ રૂા.૧,૯૮,૪૫૦/- તથા જી.એસ.ટી. ની થતી રકમ સહિતનાં કુલ ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. સદર બાબતે અગાઉ પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૩૬ / તા.૧૯/૦૬/૨૦૨૧ થી કરવામાં આવેલ ઠરાવમાં નાણાંકીય વર્ષનો ઉલ્લેખ કરેલ ન હોઇ આ ઠરાવથી સને ૨૦૨૦-૨૧ તથા સને ૨૦૨૧-૨૨ નાં વર્ષ માટે તેઓ પાસેથી કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.

૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૭) :** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા પંપીગ સ્ટેશન તથા એસ.ટી.પી. ખાતે યુ.પી.એફ.સી. એનર્જી સેવિંગ સીસ્ટમ લગાવવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૮ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી નિલેશભાઇ એસ. વાલ્મિક, શ્રી ભાવેશભાઇ કે. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા પંપીગ સ્ટેશન તથા એસ.ટી.પી. ખાતે યુ.પી.એફ.સી. એનર્જી સેવિંગ સીસ્ટમ લગાવવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા પંપીગ સ્ટેશન તથા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસ.ટી.પી.) ખાતે વિવિધ પંપીગ મશીનરીઓ ચલાવવા માટે એચ.ટી. કનેકશન નગરપાલિકા દ્વારા લેવામાં આવેલ છે. આ પંપીગ મશીનરીમાં વિજપ્રવાહ જરૂર મુજબ પહોંચાડવા તેમાં કેપેસીટર લગાવવામાં આવેલ છે. પરંતુ ૧૧ કેવી વિજ સપ્લાયમાં આવતાં વિજપ્રવાહ વધ-ઘટને કારણે કેપેસીટર વારંવાર બગડી જાય છે. અને તે પાછળ વારંવાર ખર્ચ કરવો પડે છે. તેથી આ જગ્યાઓ પર યુ.પી.એફ.સી. એનર્જી સેવિંગ સીસ્ટમ ઇન્સ્ટોલ કરવામાં આવે તો પાવર ફેકટર મેન્ટેન થાય અને તેનાથી રીબેટ પણ મળી શકે તેમ છે. આવી સીસ્ટમ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રણછોડજી મંદિર પાસેનાં હેડ વર્કસ ખાતે લગાવેલ છે. જેનાથી પ્રતિ બીલ અંદાજીત રૂા.૧૦,૦૦૦/- જેટલુ રીબેટ પણ મળે છે. તેથી સંસ્થાનુ આર્થિક હિત જોતાં પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા પંપીગ સ્ટેશન ખાતે અને લક્કડપુરામાં આવેલ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસ.ટી.પી.) ખાતે યુ.પી.એફ.સી. એનર્જી સેવિંગ સીસ્ટમ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી લગાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૮,૩૫,૮૦૦/- નાં અંદાજીત ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ૧૫ મા નાણાંપંચની ગ્રાન્ટની ઉપલબ્ધ રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટની રકમ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૮) :** પેટલાદ નગરપાલિકામાં આઉટ સોર્સીસથી કામગીરી કરાવવા અંગે સામાન્ય સભાનાં ઠરાવ નં.૬૦ / તા.૨૯/૧૦/૨૦૨૧ થી કરવામાં આવેલ ઠરાવમાં સુધારા ઠરાવ કરી પેટલાદ નગરપાલિકાનાં તમામ વિભાગોને સમાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૭૯ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવેશભાઇ કે. તળપદા, શ્રી નિલેશભાઇ એસ. વાલ્મિક નાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકામાં આઉટ સોર્સીસથી કામગીરી કરાવવા અંગે સામાન્ય સભાનાં ઠરાવ નં.૬૦ / તા.૨૯/૧૦/૨૦૨૧ થી કરવામાં આવેલ ઠરાવમાં સુધારા ઠરાવ કરી પેટલાદ નગરપાલિકાનાં તમામ વિભાગોને સમાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાûવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નગરપાલિકાનાં બાંધકામ તથા ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત આવતી રોજબરોજની ફરિયાદોનાં નિકાલ આઉટ સોર્સીંગથી કરાવવા પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૬૦ / તા.૨૯/૧૦/૨૦૨૧ થી ઠરાવ કરવામાં આવેલ છે. પરંતુ સદર ઠરાવમાં બાંધકામ અને ભૂગર્ભ ગટર યોજનાનાં વિભાગોનો ઉલ્લેખ કરેલ છે. પરંતુ પેટલાદ નગરપાલિકાનાં મહેકમ સંખ્યા સામે કાયમી કર્મચારીઓની સંખ્યા લગભગ ત્રીજા ભાગની છે. અને સરકારશ્રીમાં ખાલી જગ્યાઓ ભરવા બાબતે દરખાસ્ત કરતાં તે મંજુરી જલ્દી મળતી નથી. જેથી નગરપાલિકાએ કરવાની થતી રોજે રોજની તમામ વિભાગની આવશ્યક અને જરૂરી કામગીરીને પહોંચી વળવા અલગ-અલગ પગારનાં માપદંડથી કર્મચારીઓ રોકી કામગીરી કરાવવામાં આવે છે. જેનાથી સરકારશ્રીનાં પગાર ધારાધોરણોનાં ૪૮% ની પગાર ખર્ચની ટકાવારી વધી જવા પામે છે. બીજું કે, સરકારશ્રીમાંથી કામગીરીને પહોંચી વળવા આઉટ સોર્સીસ થી કામગીરી કરાવી લેવા સુચનાઓ પણ આપવામાં આવે છે. આવી આઉટ સોર્સીંગથી કરાવવામાં આવતી કામગીરીથી થતા ખર્ચને મહેકમ ખર્ચની ટકાવારીમાં ફર્ક પડી શકે. જેથી નગરપાલિકાનાં મહેકમ ખર્ચની ટકાવારીની મર્યાદા પણ જળવાઇ રહે તેમ છે. વધુમાં આ રીતે જો કામગીરી કરાવવામાં આવે તો કર્મચારીઓને ચૂકવવામાં આવતાં પગાર ધોરણો, લઘુત્તમ વેતન તથા અન્ય આપવા પાત્ર થતાં લાભોની જવાબદારી પણ નગરપાલિકાની રહેતી નથી. તેથી પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૬૦ તા.૨૯/૧૦/૨૦૨૧ થી કરવામાં આવેલ ઠરાવમાં આ સુધારા ઠરાવથી પેટલાદ નગરપાલિકાનાં તમામ વિભાગોની કામગીરી કાયમી કર્મચારીઓ સિવાય કામગીરીને પહોંચી વળવા જરૂર પડતાં કર્મચારીઓ થકીની કામગીરી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી રજીસ્ટર્ડ થયેલ હોય તેવી મંડળી અથવા એજન્સી પાસેથી આઉટ સોર્સીંગથી કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી આનુસાંગિક તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૯) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ગોલવાડ વાડી સામેનાં વિસ્તારમાં નવિન ભૂગર્ભ ગટર પાઇપ લાઇન નાંખવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૮૦ / તા.૩૧/૦૧/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવેશભાઇ કે. તળપદા, શ્રીમતિ ધરતીબેન જે. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

